राम नाईक
पूर्व पेट्रोलियम मंत्री

9 शिवस्मृति, 51 जयप्रकाश नगर
गोरेगाव पूर्व, मुंबई 400 063.
दूरभाष : 022-2686 33 39, फैक्स : 022-2686 11 33
ई मेल : info@ramnaik.com
वेबसाईट : www.ramnaik.com

**કૃપાકરી પ્રસિધ્ધી માટે -** **૧૬ ફેબ્રુઆરી ૨૦૦૯**

## આર્થિક સંકટ પર મ્હાત કરવાની કોંગ્રેસ ની રાજકીય ઈચ્છાશકતી નથી - રામ નાઈક

**મુંબઈ,સોમવાર :**" આર્થિક મંદી પર મ્હાત કરવાનો કોઈ પણ જાતનો પ્રયત્ન અથવા ઈચ્છાશકતી કોંગ્રેસ પાસે નથીજ ઉલ્ટાની સંસદીય પરંપરા પગતળે કચડી નાખનારું બજેટ શ્રી પ્રણવ મુખર્જી એ રજૂ કરેલ છે," એવી ટીકા કરતાં માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે બજેટના દહાડે પેટ્રોલ,ડિઝલ અને રાંધણગેસ ના ભાવ ઓછા કરવાને બદલે હવાઈ ઈંધણ ફરી એક વખત સસ્તું કર્યાં બદલ નારાજી વ્યકત કરેલ છે..

યુપીએ સરકારના અંતિમ બજેટ બાબતે પ્રતિક્રિયા વ્યકત કરતાં શ્રી રામ નાઈકે આગળ કહ્યું કે,"વચગાળાનાં બજેટમાં નવી જાહેરાતો કરવી નહીં એવો નિયમ હોવા છતાંયે આગામી ચૂંટણીઓ નજર સમક્ષ રાખી વિધવા માટે અને અપંગો માટે ઈંદિરા ગાંધી નિવૃત્તી વેતન યોજના જાહેર કરી સંસદીય પરંપરા ને ચોખ્ખે -ચોખ્ખી પગ તળે કચડવામાં આવી છે.બીજી તરફ બજેટ ના દિવસ થીજ ફરી એકવખત આ સરકારે શ્રીમંતો ની ચાપલૂસી કરવા માટે હવાઈ ઇંધણ સસ્તું કરેલ છે.હવે લિટર દીઠ રૂ.૨૯.૯૮ નાં ભાવે હવાઈ ઈંધણ મળનાર હોઈ મોટરવાહનોને લાગનારાં પેટ્રોલ કરતાંયે તે લિટરદીઠ રૂ.૧૪.૫૭ પૈસે સસ્તું છે આ બાબતનો કરીએ તેલો નિષેધ ઓછો છે.આર્થિક સંકટ પર મ્હાત કરી શકીએ એવો વિશ્વાસ જ આ સરકારને બેસતો ન હોવાનું નાણાંપ્રધાને પોતેજ તે જવાબદારી નવી સરકારને ઉપાડવી પડશે તેવું કહેવું દુર્ભાગ્યપૂર્ણ છે.પાછલાં બજેટ વખતે રાષ્ટ્રીય વિકાસ દર (GDP) ૧૦ થીયે વધુ કરીશું એવી ડંફાસ મારનારી કોંગ્રેસ સરકાર પોતાના ઉદ્દેશ્યો પાર પાડવામાં ચોકખી નિષ્ફળ ગયેલ છે.વિકાસદર જેમતેમ ૭.૧ સૂધી હોવાનું તેમણે કબૂલ કર્યું છે.તેજ પ્રમાણે ગ્રહક મૂલ્યો પર આધારીત મોંઘવારી નિર્દેશાંક ૪.૪ ટકા ઓછો થયેલ છે તેવું નાણાંપ્રધાન બોલ્યા હોવાછતાંયે પ્રત્યક્ષે જીવનાવશ્યક વસ્તૂના છૂટક વેચાણ ના ભાવ ઓછા નથયાં હોવાથીમોંઘવારી વધી હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે."

" ચૂંટણીઓ નજર સમક્ષ રાખી મંદીના સમયમાંયે આકર્ષક ચિત્ર બતાવવાનો નાણાંપ્રધાન નો પ્રયત્ન તદ્દન નીષ્ફળ રહ્યો છે " એમ પણ શ્રી રામ નાઈકે કહ્યું છે.

**( કાર્યાલય સચિવ )**

निवास : बी-503, लक्षचंडी अपार्टमेंट, जनरल अरुणकुमार वैद्य मार्ग, कृष्णवाटिका रास्ता, गोकुळधाम, गोरेगाव पूर्व, मुंबई 400 063 • दूरभाष : 022-2841 33 99, फैक्स : 022-2842 33 99